ગાંધીનગર સમાચાર
તા. ૧૭-૨-૨૦૧૫, મંગળવાર

## તંત્રી સ્થાનેથી....

# '...મૃત્યોર્મુક્ષીય માતૃતાત્'

મહાશિવરાત્રી એ ભારતીય સંસ્કૃતિનો માંગલિક ઉત્સવ છે. દિવસ કરતાં રાત્રીનો મહિમા હોય એવાં પર્વો અન્ય ધર્મોમાં પણ છે. દાખલા તરીકે ઇસ્લામમાં આવી શબે રાતનું પર્વ છે. સનાતન હિંદુ ધર્મમાં મોહરાત્રી, કાલરાત્રી અને મહારાત્રી જેવા ત્રિપુટી પર્વો છે. જન્માષ્ટમી એ શ્રીકૃષ્ણનું પ્રાગટ્ય પર્વ છે. તે રાતે મથુરાની જેલમાં જન્મેલા પરમાત્માને હેમખેમ ગોકુળ પહોંચાડવાના હોઇ કંસના જેલ રક્ષકોને મોહનિંદ્રા આવે તે જરૂરી હતું. કાળી ચૌદશ એ દીપાવલી પર્વો જ એક ભાગ છે. એ સાધકોની રાત્રી છે. પરંતુ શિવરાત્રી તો 'શિવ' કહેતાં કલ્યાણકારી રાત્રી છે. ભોળાનાથ દેવાદિદેવ મહાદેવ અજાણ્યાં થયેલા બીલીપત્રોના અભિષેકથી પણ પેલા વ્યાધ પર પ્રસન્ન થઇ ગયા. અજન્મા ગણાતા શિવજીનું એ રીતે આ પ્રાગટ્યપર્વ જ ગણાય. શિવ અને જીવના સાયુજ્યનું આ પર્વ ભારતીય જનજીવનની સાથે એ હદે ઓતપ્રોત થઇ ગયું છે કે ઠેરઠેર લોકમેળા ભરાય છે. શિવ તો આશુતોષ - તત્કાળ રાજી થઇ જનારા દેવ છે. એ પોતે ભોળા ભંડારી છે. કૈલાસપતિ હોવા છતાં એ સ્મશાનમાં વસે છે, ભભૂતિ ચોળીને સમાધિમાં સરી જાય છે. એમનો ભંજાર સૌને માટે આઠે પહોર ખુલ્લો રહે છે - જેને જ જોઇએ તે લઇ જાય. રાક્ષસોએ શિવજીની આ વધુ પડતી ઉદારતાનો ભરપેટે લાભ ઉઠાવ્યો છે, હજીયે ઉઠાવતા રહે છે. શિવજી છેતરાઇ જાય છે પરંતુ કોઇને છેતરી શકતા નથી. જોકે પ્રસન્ન થઇને રાક્ષસી વૃત્તિવાળા ભક્તને પણ માલામાલ કરી દેનારા શિવજીનું ત્રીજું નેત્ર ખૂલે છે ત્યારે આખા બ્રહ્માંડમાં હાહાકાર મચી જાય છે. એ તાંડવનૃત્ય કરવા લાગે છે ત્યારે તેમને કંટ્રોલ કરવાનું મુશ્કેલ બની જાય છે. એ નટરાજ છે. કામદેવને ભસ્મ કરી દેનારા શિવજી કામનાઓ પૂરી કરનારા છે. 'ગોર્યમાનો વર કેસરિયો, નદીએ ન્હાવા જાય રે ગોર્યમા!' એ ગૌરીના વર છે એટલે દરેક કન્યા એમની પાસેથી મનગમતો વર માગી શકે છે. એ મૃત્યુંજય છે - મૃત્યુના અધિષ્ઠાતા દેવ હોવાને લીધે એ મરતા માણસને જીવનદાર આપી શકે છે. શિવ પરિવારમાં પરસ્પર વિરોધી પ્રવૃત્તિ ધરાવતા જીવો સંપથી રહે છે. એ સ્વર્ગથી પડતી ગંગાની પ્રચંડ ધારાને જટામાં ઝીલી જાણે છે તો ચંદ્રને એના શ્વસુરના શાપથી ઉગારી શકે છે. શિવ સર્વગુણ સંપન્ન, સર્વસુલભ 'આમ આદમી'ના ભગવાન છે. એમને વીઆઇપી - પણું હરગિજ પસંદ નથી. એમને મળવા માટે કોઇએ એપોઇન્ટમેન્ટ મેળવવી પડતી નથી. બારે માસ, ચોવીસે કલાક એમના દરબારના દરવાજા ઉઘાડા જ રહે છે. આવા લોકભોગ્ય દેવતાને જ 'મહાદેવ'નું સન્માન સાંપડે. દેવો અને રાક્ષસો - મનુષ્યો તો ખરા જ - બધા એમની ઉપાસના કરીને ઇચ્છિત ફળપ્રાપ્તિ કરી શકે છે. સમુદ્ર મંથનમાંથી અન્ય રત્નો નીકળ્યાં તે તો દેવતાઓ લઇ ગયા, પરંતુ હળાહળ ઝેર શિવજીએ જ પચાવ્યું. શિવરાત્રી એ 'શંકર' નો જન્મદિવસ ભલે ન હોય, ગુજરાતમાં મૂક લોકસેવક પૂ. રવિશંકર મહારાજનો જન્મદિવસ તો છે જ! આવા ઓઘડ દેવના પર્વને આપમે શ્રદ્ધાપૂર્વક ઊજવીએ, એ તો બરાબર, પરંતુ થોડું 'શિવત્વ' પણ આપણામાં ઉતારી જાણીએ તો એમનો વિશેષ રાજીપો રહેશે. ગાંધીનગરના શિવભક્તોને શિવકથાનું રસપાન કરાવી રહેલ કથાકાર પૂ. કનૈયાલાલજી સહિત સૌને મહાશિવરાત્રીની મુબારક!

### ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત

# જે. એમ. ચૌધરી કન્યા વિદ્યાલયની ૯૨ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ અપાયું

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિરોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે તાજેતરમાં સેક્ટર-૭ સ્થિત શ્રી જે. એમ. ચૌધરી કન્યા વિદ્યાલય ખાતે ૧૧ દિવસીય શિબિર યોજાઈ ગઈ. જેમાં શાળાની ૯૨ વિદ્યાર્થીનીઓને સ્વબચાવની વિવિધ ટેક્નિક્સનું ક્રિયાત્મક પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. વાડોકાઈ કરાટે-ડો અકેડમીનાં નિષ્ણાત પ્રશિક્ષક શ્રી સુરજ ત્રિપાઠી તથા શ્રી કેતન ચૌધરી દ્વારા વિદ્યાર્થીનીઓને પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

દરરોજ એક કલાક સુધી આ વિદ્યાર્થીનીઓને હાથ અને પગ દ્વારા કેવી રીતે પ્રહાર કરી શકાય તથા તેના દ્વારા કોઈ આપણા ઉપર પ્રહાર કરે તો કેવી રીતે બચાવ કરી શકાય તે શીખવવામાં આવ્યું હતું. આ ઉપરાંત કોઈ છેડતી કરે ત્યારે કેવી રીતે પ્રતિકાર કરવો અને પોતાની પાસે રહેલા બોલપેન, હેરપીન વગેરેનો કેવી રીતે સ્વરક્ષણ માટે ઉપયોગ કરી શકાય તેનું ક્રિયાત્મક જ્ઞાન આપવામાં આવ્યું હતું.

આ શિબિરનો સમાપન સમારોહ તાજેતરમાં યોજાઈ ગયો. જેમાં મુખ્ય અતિથિ તરીકે સેક્ટર-૭ પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એલ. બી. મોણપરા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત વાડોકાઈ કરાટે અકેડમીનાં સિનીયર કોચ સેનસાઈ શ્રી ગૌરાંગ રાણા તથા શાળાનાં આચાર્યા શ્રીમતી સંતોકબહેન ચૌધરી પણ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્ય અતિથિ શ્રી એલ. બી. મોણપરાએ પોતાના વ્યાખ્યાનમાં વિદ્યાર્થીનીઓને સશક્ત બનવા પ્રેરણા આપી હતી. શાળાનાં આચાર્યા શ્રીમતી સંતોકબહેને ૧૧ દિવસો સુધી જે નિયમિતતા તથા શિસ્તબદ્ધતાથી પ્રશિક્ષણ અપાયું તેની પ્રસંશા કરી હતી. સેનસાઈ શ્રી ગૌરાંગ રાણાએ સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત વાડોકાઈ કરાટે-ડો અકેડમીના માધ્યમથી સ્વબચાવ સંબંધિત શિબિરોનાં આયોજન વિશે માહિતી આપી હતી.

કાર્યક્રમનાં પ્રારંભમાં જ શિબિરાર્થી વિદ્યાર્થીનીઓ દ્વારા ૧૧ દિવસો દરમ્યાન તેમણે પ્રાપ્ત કરેલ વિદ્યાનું રોમાંચક નિદર્શન કર્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીનીઓ દ્વારા શક્તિ પ્રદર્શનનાં ભાગરૂપે જે બ્રેકીંગનું નિદર્શન કરવામાં આવ્યું હતું તેનાથી ઉપસ્થિત સૌકોઈ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. વિદ્યાર્થીનીઓમાં પણ ભારે આત્મવિશ્વાસ જોવા મળ્યો હતો.





શહેરની સેક્ટર-૨૯ 'મેઝીક હેટ' પ્રાયમરી સ્કૂલ દ્વારા શિવરાત્રીની ઉજવણી કરવામાં આવી હતી. નાના ભુલકાઓ દ્વારા આવડે તેમ વાંજીત્રો વગાડી 'જય જય શીવ શંકર' 'હર હર મહાદેવ'ના નામથી સમગ્ર વાતાવરણને ભક્તિમય બનાવી દીધુ હતુ. (તસવીર - કશ્યપ નીમાવત)

# શિવરંજનીનો મૌસમ... છલકે કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૬

શિવરંજની સંસ્થા દ્વારા મૌસમ... છલકે... યુવા ગીતોનો કાર્યક્રમ યોજવામાં આવશે. આગામી તા. ૧૮મીના રોજ બુધવારે યોજાશે. સંસ્થાના સભ્યો માટે યુવા કલાકારોના યુવા કંઠે યુવા ગીતોની લલકારવામાં આવશે. જેમાં આલાપ દેસાઈ, હિમાલી વ્યાસ, નાયક અને પ્રહર વોરા પોતાના કંઠથી કામણ પાથરશે તેમજ મયુર દવે અને બલ્લુ સિંધવ સંગીત આપશે. કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

## પંચદેવ મંદિરે ભાજપ સભ્ય નોંધણી કરશે

સેક્ટર-૨૨ પંચદેવ મંદિરે મહાશિવરાત્રીનો મેળો યોજાશે. ગાંધીનગર મહાનગર દ્વારા પંચદેવ મંદિરે સંગઠન પર્વ અંતર્ગત સભ્ય નોંધણી કાર્યક્રમ યોજાશે. આ પ્રસંગે પ્રદેશ મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા, સંગઠન પર્વના ઈન્ચાર્જ મનસુખ માડવીયા અને મહાનગર પ્રમુખ નીતિન પટેલ ઉપસ્થિત રહેશે.

## હરિની દૃષ્ટિ...



મહાદેવ.. લો મારો અર્ધ્ય.. કોઇ સ્વાઇન ફ્લુવાળા આવીને મને ચેપ લગાડી જાય નહીં એટલે હું સૌથી પહેલા આવી ગયો છું... !!

## આજે સેક્ટર-૩/ડીમાં લોકડાયરો યોજાશે

ગાંધીનગર, તા. ૧૬

શહેરમાં મહા શિવરાત્રીનું પર્વ ધામધૂમપૂર્વક મનાવવામાં આવશે. દેવાધીદેવ મહાદેવના પવિત્ર દિવસ મહા શિવરાત્રી નિમિત્તે આજ રોજ મંગળવારે રાત્રે ૮.૦૦ વાગે સેક્ટર-૩-ડી, રામેશ્વર મંદિર પરિસરમાં લોકડાયરો યોજાશે. જય ગઢવી અને સાથી કલાકારો શિવજીની આરાધના કરતા ભજનો લલકારી ભોળાનાથની ભક્તિ કરાવશે. આ ડાયરામાં નગરની ધર્મપ્રેમી જનતાને ઉપસ્થિત રહી લાભ લેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

## સરકારી વિનયન કોલેજનો વાર્ષિકોત્સવ

ગાંધીનગર, તા. ૧૬

સરકારી વિનયન કોલેજ સેક્ટર-૧૫નો વાર્ષિકોત્સવ અને ઈનામ વિતરણ સમારોહ આગામી ૨૦મી ફેબ્રુઆરી, શુક્રવાર, સવારે ૮.૦૦ થી ૧.૦૦ કલાક દરમ્યાન ટાઉનહોલ સેક્ટર-૧૭ ગાંધીનગર ખાતે યોજાશે. કોલેજમાં અભ્યાસ કરતા સ્નાતક અને અનુસ્નાતક વિદ્યાર્થીઓને આઈ કાર્ડ સાથે સમારોહમાં ઉપસ્થિત રહેવા જણાવવામાં આવ્યું છે.

## ભાવિ જ્યોતિષીઓનો પદવીદાન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા. ૧૬

ધ વૈદિક એસ્ટ્રોલોજીકલ ફાઉન્ડેશન ગાંધીનગરનો પદવીદાન સમારોહ યોજવામાં આવશે. ૨૨મી ફેબ્રુઆરી, રવિવારના રોજ સેક્ટર-૧૬માં આવેલ બાલાજી મંદિર હોલમાં સવારે ૯.૩૦ કલાકે સમારંભ યોજવામાં આવશે.

વૈદિક એસ્ટ્રો વિદ્યામંદિરમાં ચાલતા જ્યોતિષ શાસ્ત્રોના અભ્યાસ પૂર્ણ કરી સફળતા મેળવી હોય તેવા જ્યોતિષીઓને પદવી એનાયત કરવામાં આવશે. જ્યોતિષીઓ પોતાના અભ્યાસ થકી ઉજળી કારકિર્દી બનાવે તે માટે ધ વૈદિક એસ્ટ્રોલોજીકલ ફાઉન્ડેશન દ્વારા વર્ગો શરૂ કરવામાં આવ્યા છે.



કડી સર્વ વિશ્વવિદ્યાલય - ગાંધીનગર સંચાલિત મમતા આઈ એ એસ ટ્રેનિંગ સેન્ટર દ્વારા અખિલ ભારતીય સનદી સેવાઓ માં જોડાવાની જાગૃતિ અંગેનો સેમિનાર કડી કેમ્પસમાં આવેલ શેઠ ખીમજીભાઈ વિસરામ સંસ્કાર હોલ ખાતે સવારે ૮.૩૦ કલાકે યોજાઇ ગયો, જેમાં કડી કેમ્પસમાં આવેલી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના ૧૦૦૦?? વધુ વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં જોડાયા હતા. આ પ્રસંગે શ્રી વી. આર. એસ કૌલગી (નિવૃત આઈ એ એસ), ધર્મેન્દ્રભાઈ હેરમા(આસી.કમિર, કસ્ટમ એકસાઈઝ), કેમ્પસ ડાયરેક્ટર શ્રી સોમભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું આયોજન મમતા આઈ એ એસ ટ્રેનિંગ સેન્ટરના ડાયરેક્ટર સચિનભાઈ સોની દ્વારા કરવામાં આવ્યું હતું.

# 'શિવત્વને પામવાનું પર્વ તે શિવરાત્રી'

## વિચારસભા

*- નેહલ જયદીપ ગઢવી*

પરોઢિયે પંખી જાગીને ગાતાં મીઠાં તારાં ગાન,
પરોઢિયે મંદિર-મસ્જિદમાં ધરતા લોકો તારું ધ્યાન.
તું ધરતીમાં, તું છે નભમાં, સાગર મહી વસે છે તું;
ચાંદા-સૂરજમાં યે તું છે, ફૂલો મહી હસે છે તું.
- ઝીણાભાઇ રશ્મિ 'સ્નેહરશ્મિ'

જે માણસ દૃઢતાથી ઇશ્વર ઉપર નિષ્ઠા રાખે છે, તે ગમે તેવા વિપરીત સંજોગોમાં પણ ધૈર્ય ગુમાવતો નથી. શંકરને દેવાધિદેવ કહેવામાં આવે છે પરંતુ, સાથોસાથ તેમને ભોળાનાથ પણ કહેવામાં આવે છે એટલે ધૈર્યપૂર્વક-શ્રદ્ધાપૂર્વકથી શિવપૂજા કરનાર વ્યક્તિ ઝેર પણ પચાવી શકે છે અને છેવટે અમૃતની પ્રાપ્તિ કરે છે. ખરેખર, સાચા ભક્તો ઇશ્વર પાસેથી ચમત્કારની કોઇ અપેક્ષા રાખતા નથી. તેઓ ભગવાન સાથે કોઇ પણ પ્રકારની 'ડીલ' કરવામાં માનતા નથી. શિવરાત્રી નિમિત્તે જ શિવપૂજા કરવી અને ત્યારબાદ શિવભક્તિથી વિમુખ બનવું એ સાચા તથા પવિત્ર ભક્તનું લક્ષણ નથી. ઇશ્વરની અનુભૂતિ કુદરતના કણ-કણમાંથી થઇ શકે છે. થોડી જાગૃતિ અને યોગ્યતા કેળવવાથી આપણામાં રહેલા 'શિવત્વ'ને આત્મસાત કરી જ શકાય છે એ વાત આપણે સૌએ ક્યારેક તો અનુભવી જ હશે. 'શિવ'ની પ્રાપ્તિ એટલે પરમ આનંદની અનુભૂતિ. જે ક્ષણે જીવના સુખ-દુ:ખ, આશા-નિરાશા અને આનંદ-વૈરાગ્ય આ સર્વેથી પર બનીને નિજાનંદને અનુભવતાં શીખી જઇએ તે જ ક્ષણે આપણામાં રહેલા 'શિવત્ત્વ'નું પ્રાગટ્ય થાય છે. આ અવસ્થા એ મનુષ્ય જીવન માટેની સર્વશ્રેષ્ઠ અવસ્થા હોય છે.

કોઇ પણ તહેવારની ઊજવણી આપણે રાબેતા મુજબ વર્ષોથી ચાલી આવતી પરંપરા અનુસાર કર્યા જ કરીએ છીએ. પરંતુ, આધ્યાત્મ વિનાનો આનંદ કે ઉત્સવ લાંબો સમય ટકી રહેતો નથી. અને એકાદ દિવસ પુરતા ઉત્સવના આ આનંદને માણીને જયારે જીવનની કટુ વાસ્તવિકતાઓ સામે આવીને ઊભી રહે ત્યારે વ્યક્તિ પોતાની જાતને લાચાર અને નિષ્ફળ માનવા લાગે છે, પરંતુ જો આનંદ અને આધ્યાત્મનો સુભગ સમન્વય રચાય તો એ અવસ્થામાંથી વ્યક્તિને માત્ર આનંદ જ નહિ પરંતુ પરમશાંતિની અવસ્થાનો પણ અનુભવ થાય છે. આચાર્ય શ્રી શ્રી રવિશંકરજી કહે છે કે,

"પ્રકૃતિમાં ત્રણ શક્તિઓ છે, બ્રહ્મશક્તિ, વિષ્ણુશક્તિ અને શિવશક્તિ. સામાન્ય રીતે દરેક વ્યક્તિમાં આમાંથી કોઇ એક શક્તિ વધુ પ્રબળ હોય છે. બ્રહ્મશક્તિ એ એક એવી શક્તિ છે, જે નવનિર્માણ કરે છે, વિષ્ણુ શક્તિ ઊર્જાનું પાલન કરે છે અને શિવ શક્તિ એવી ઊર્જા છે, જે રૂપાંતરણ કરે છે એટલે કે નવું જીવન આપીને અથવા સંહાર કરીને."

હવે વ્યક્તિએ પોતાનામાં કઇ શક્તિ પ્રબળ છે તેને પહેલા જાણવી અને સમજવી પડે છે અને ત્યારબાદ, શિવશક્તિ તરફ જાતને કઇ રીતે વધુ સમર્પિત કરવી એ માટે પ્રયત્નો કરવાના હોય છે.

શિવનું સૌથી સુંદર અને આકર્ષક લક્ષણ છે આનંદની સાત્ત્વિક અને નૈસર્ગિક અનુભૂતિ. 'ચિદાનંદ રૂપ: શિવોડહમ્ શિવોડહમ્' એટલે કે આપણામાં રહેલી આનંદની ધારાને પ્રગટાવવી અને ત્યારબાદ તેમાં અવરોધરૂપ હોય તેવી વાત કે વિગતોને મનમાંથી કાઢી નાખવી અને આ રીતે, પરમ આનંદની અનુભૂતિ પણ કરવી. ત્યારબાદ, શિવને પામીને આનંદધારામાં મન મગ્ન બને ત્યારે સુખધામ શિવની પ્રાપ્તિ થાય છે. શિવના આ સ્વરૂપને પામવાથી આપણને સુખ પ્રાપ્ત થાય છે. આપણે ઘણીવાર અનુભવ્યું છે કે આપણી આસપાસ રહેતી વ્યક્તિઓમાંથી અમુક વ્યક્તિઓ સાથેનો આપણો અનુબંધ સાવ અનોખો હોય છે. તેમની સાથે રહેવાથી આપણે શાંતિ અને સુખની અનુભૂતિ થાય છે. આપણા આત્મારૂપી શિવલિંગ પર તેમના પ્રેમનો, તેમની લાગણીનો અભિષેક થતાં આપણે અનુભવીએ છીએ. પરમાનંદની પ્રાપ્તિ બાદ આ પ્રકારની 'સુખધામ શિવ' પરિસ્થિતિનું આગમન થાય છે અને ત્યારબાદ જે અવસ્થા આવે છે તે મદ અને મોહથી મુક્ત શિવસ્વરૂપની ! આ અવસ્થામાં હોય છે નિર્દોષ પ્રેમ અને આસક્તિ મુક્ત લાગણી. સમગ્ર માનવસૃષ્ટિ માટે એ સમયે એક સમાન પ્રેમ અને લાગણીનો સમન્વય 'શિવ સ્વરૂપે' આ અંતરઆત્મામાં પ્રગટે છે.



ભારતીય સંસ્કૃતિમાં અદ્વૈતનો નાદ સર્વત્ર પડઘાઇ રહ્યો છે. અદ્વૈત એટલે બીજો પણ મારા જેવો જ છે એવી લાગણી. આપણી આ સંસ્કૃતિમાં અદ્વૈતની મંગલ સુવાસ મહેકે છે. જે રીતે આપણા દેશની ઉત્તર દિશામાં ઉન્નત ગૌરીશંકર શિખર ઊભું છે, તે જ મુજબ ભારતીય સંસ્કૃતિની પાછળ ઉન્નત અને ભવ્ય એવું અદ્વૈત દર્શન છે. જ્ઞાનમય ભગવાન શંકર કૈલાસ પર બેસીને અદ્વૈતનું ડમરું અનાદિકાળથી વગાડે છે. શિવ હોય ત્યાં શક્તિ પણ હોય જ. તે જ રીતે સત્ય હોય ત્યાં સામર્થ્ય પણ હોય. માટે કહી શકાય કે, અદ્વૈત એટલે શિવત્વ અને અદ્વૈત એટલે નિર્ભયતા. આ સંસારમાં અદ્વૈતનો સંદેશ જ સુખસાગરનું નિર્માણ કરી શકશે. આ મહાન વાતને આપણા ઋષિમુનિઓએ જાણી અને માટે જ તેમને અદ્વૈતનો આ અતિ પવિત્ર મંત્ર જગતને આપ્યો.

'ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ ।'

આ મંત્રનો માત્ર સર્વત્ર ઉચ્ચાર કરવાથી નહિ પણ તે અનુસાર વર્તવાની જરૂર છે. પર-ભાવ દૂર કરવા માટેના આ મંત્ર છે. આજે બધાની Life-Style ખૂબ ફાસ્ટ બની ગઇ છે. આનંદ, સુખ અને શાંતિ આ ત્રણેયનો અહેસાસ અને પ્રાપ્તિ માટે વ્યક્તિ મરણિયા પ્રયાસ કરી રહી છે પરંતુ, તેમ છતાં 'શિવસ્વરૂપ' અવસ્થાને પામી શકતો નથી. કવિશ્રી હસિત બૂચ લખે છે તેમ,

"લાકડું તરે, તરતું માણસ;
કેટલો બધો ફેર !...
પાંદડું ખરે, ખરતું માણસ;
કેટલો બધો ફેર !...
કો'ક મળે, ને મળતું માણસ;
આટલો બધો ફેર !..."

ભારતીય સંસ્કૃતિમાં અંધશ્રદ્ધાને સ્થાન નથી. બધે જ વિચારોના મહિમાનું ગાન કરવામાં આવ્યું છે. જ્ઞાન એ ભારતીય સંસ્કૃતિનો આધાર છે, જ્ઞાન પર ઊભી થયેલી આ ભવ્ય સંસ્કૃતિ છે. કાળ અનંત છે અને જ્ઞાન અનંત છે. નવું નવું જ્ઞાન ઉદય પામશે અને ભારતીય સંસ્કૃતિ તે જ્ઞાનનો સત્કાર કરવા સહુ પહેલી ઊભી રહેશે. ભોળાનાથ શંકરે આપણને જે કંઇ આપ્યું છે એમાં અભિવૃદ્ધિ કરવી એ જ શિવરાત્રીની ખરી પૂજા અને પરમેશ્વરે આપેલી બુદ્ધિનો વિકાસ કરવો એ જ સાચો ધર્મ. આપણી સંસ્કૃતિ કહે છે તેમ હવે વિચારપૂજા શરૂ કરવી જરૂરી છે.

આજે આપણા દેશમાં ક્રાંતિનો સમય પાક્યો છે. આ ક્રાંતિ એટલે કોઇ રાજકીય ક્રાંતિ નહિ પરંતુ આખા સંસારની કલ્પનાઓને પારખી અને સ્વીકારવાનો સમય. નવો કાળ, નવી દૃષ્ટિ, નિર્મળ વિચાર અને શુદ્ધ દૃષ્ટિની આજે ખૂબ જરૂર છે. અધિરાઇ કે ઉતાવળ નહી તેમજ સ્વાર્થ પણ નહી, જરૂર છે પ્રયત્ન અને મહેનતની. સમાજ માટે પ્રેમ અને નિસબતને ઉજાગર કરીને સમાજને સુખી કેમ કરી શકાય તે વાતની ઉત્કંઠા જન્મે તેનો વિચાર કરીએ. મજૂરને પેટભર કોળિયો કઇ રીતે મળે તે જોવું એ આજનો મહાન ધર્મ અને રાષ્ટ્રના કોઇ એક નૂતન ઉદ્યમમાં રાતદિવસ ખોવાઇ જવું એટલે સંન્યાસી થવું.